ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# એસ.ટી. ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવાનો મામલો ગુંચવાયો!

## પોલીસ પહેરાના અભાવે ડેપો સંકુલ સલામતીની દૃષ્ટિએ રામભરોસે : વધતી જતી ઘટનાઓથી ચિંતા

ગાંધીનગર, તા.૨૮

નગરના એસ.ટી. ડેપોમાં પોલીસ પહેરાના અભાવે મુસાફરોની સલામતી જોખમાઈ છે. પીક પોકેટીંગ, ચેઈન સ્નેચીંગ સહીતના ગુન્હાઓનું પ્રમાણ વધ્યું છે. જયારે ગુમ થયેલી સગીરાઓની ભાળ પણ ઘણી વાર ડેપોમાંથી મળે છે. આવા સંજોગોમાં પોલીસ ચોકીના અભાવે ડેપોમાં દોડધામ મચી જાય છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવાના મુદ્દે ડીવીઝનલ ઓફીસ કક્ષાએ પણ રજૂઆત કરવામાં આવી છે. આમ છતાં એસ.ટી. નિગમ આ મુદ્દાને ગંભીરતાથી ન લેતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિએ ડેપો સંકુલ રામભરોસે છે...!

શહેરનાં મધ્ય વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં વર્ષોના અંતે પોલીસ ચોકી કાર્યરત કરવાની વાત હજુ અધ્ધરતાલ છે. ડેપો સંકુલમાં પોલીસ પહેરો ન હોવાથી ગુન્હાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. ડેપો સંકુલમાં આડા દિવસે ચેઈન સ્નેચીંગ, પીક પોકેટીંગ સહીતના બનાવો બનતા મુસાફરોમાં પણ ભય પ્રવર્ત્યો છે. ડેપોને મોડેલ ડેપો બનાવવાની યોજનાના ભાગરૂપે તબક્કાવાર નીતનવા કામો હાથ ધરવામાં આવે છે પરંતુ ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવાના મામલે કોઈ નિર્ણય લેવાતો નથી. અગાઉ પણ ડિવિઝનલ ઓફીસ કક્ષાએ આ અંગે રજૂઆત કરવામાં આવી હતી પરંતુ વર્ષોના અંતે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિએ ડેપો સંકુલ રામભરોસે છે. આજે પણ ડેપો સંકુલમાંથી સગીરાની ભાળ મળી હતી. આખરે ડેપો મેનેજરે પોલીસનો સંપર્ક કર્યો હતો.



કેવડા ત્રીજની પૂજા - ગાંધીનગરની મહિલાઓએ ગુરૂવારે બપોરે મંદિરોના પ્રાંગણમાં કેવડા ત્રીજના પૂજન-અર્ચન કર્યા હતા. નગરમાં ઠેર ઠેર કેવડા ત્રીજના પૂજન કરવા મહિલાઓ મોટી સંખ્યામાં નજરે પડતી હતી. મહાદેવની પૂજા કરી પાર્વતી ભાવે પતિના નિરોગી આયુષ્ય માટે પ્રાર્થના એ જ આજના વ્રતનો મહિમા છે. (તસવીર : દિપક જાની)

## ખૂણે... ...ખાંચરેથી

- આજે મહાત્મા મંદિરમાં જનધન યોજનાના આરંભ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરનારી બાળાઓને દેના બેંક તરફથી રૂ. ૫૧૦૦નો પુરસ્કાર મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે અપાયો હતો.
- ગાંધીનગરમાં આજથી ભાદરવી પૂનમના મેળામાં ભાગ લેવા જતા પદયાત્રીઓ માટેના સેવા કેન્દ્રો શરૂ થયા છે.
- પૂ. મોરારીબાપુના વતન તલગાજરડામાં યોજાયેલ સંસ્કૃત પર્વમાં આજે શ્રી ભાગ્યેશ જહાએ પ્રવચન આપ્યું હતું. જેનું આસ્થા ચેનલ પર જીવંત પ્રસારણ થયું હતું.
- ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર સરકારી વકીલ શ્રી રમેશ ઠાકોર તથા તેમના પૌત્ર શ્રી અક્ષય ઠાકોર આજે અંબાજીની પદયાત્રા માટે રવાના થયા છે.
- આજે મહેસાણા ખાતે ઉત્તર ગુજરાતના જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સ મળનાર છે. જેમાં ગતિશીલ ગુજરાતના કાર્યક્રમોની સમીક્ષા થશે.
- પૂર્વ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.ટી. જોશીનું દુઃખદ અવસાન થયું છે.

# ગાંધીનગરમાં સાયકલ શેરીંગ પ્રોજેક્ટને મંજૂરી

## શહેર તેમજ ગુડા વિસ્તારમાં ગ્રીનસીટીના કન્સેપ્ટને ધ્યાને લઈ અર્બન ટ્રાન્સપોર્ટ સીસ્ટમને બહાલી અપાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગુડાની આજે યોજાયેલી ૫૧મી બોર્ડ બેઠક દરમિયાન ગ્રીનસીટીના કન્સેપ્ટને ધ્યાને લઈ અર્બન ટ્રાન્સપોર્ટ સિસ્ટમની દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી. આ અન્વયે શહેરમાં સાયકલ પ્રોજેક્ટનો અમલ કરવાના મામલે પણ મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ અન્વયે શહેરમાં અલાયદો સાયકલ ટ્રેક પણ તૈયાર કરવામાં આવશે.

શહેરી વિકાસ સત્તા મંડળની આજે મળેલી ૫૧મી બોર્ડ બેઠક દરમિયાન મહત્વના નિર્ણયો લેવાયા હતા. બોર્ડ બેઠકમાં શહેર તેમજ ગુડા વિસ્તારમાં પરિવહનની સમસ્યાના નિરાકરણ માટે ગ્રીનસીટીના કન્સેપ્ટને ધ્યાને લઈ અર્બન ટ્રાન્સપોર્ટ સિસ્ટમને બહાલી આપવામાં આવી હતી. ગુડાની પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૨૪ અન્વયે ગુડા વિસ્તારમાં શહેરી પરિવહન સુવિધાનું વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું છે. જેને ધ્યાને લઈ આ યોજના અન્વયે બસ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ તેમજ સાયકલ શેરીંગ પ્રોજેક્ટ અન્વયે જરૂરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ અન્વયે આજની બોર્ડ બેઠકમાં પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું. બોર્ડ બેઠકમાં અર્બન બસ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ તેમજ સાયકલ પ્રોજેક્ટને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. ગાંધીનગરની ગ્રીનસીટીની આગવી ઓળખને ધ્યાને લઈ પ્રદુષણ હટાવોના અભિગમ સાથે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. ગાંધીનગરના સેક્ટરોમાં સાયકલ પ્રોજેક્ટ અન્વયે નવો ટ્રેક તૈયાર કરાશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરમાં પ્રકૃતિનો વૈભવ... વરસાદ પછી લીલુછમ ગાંધીનગર

# પાણી વેરાની વસુલાત માટે નગરપાલિકાઓ વિશેષ અભિયાન યોજી વસુલાત કરે : ડૉ. મોડિયા

## પાણી વેરાની વસુલાત નવ કરોડથી પણ વધુ બાકી સ્વચ્છતા અભિયાન અને જ્ઞાન સપ્તાહની ઉજવણી અંગે પણ સંકલન સમિતિમાં કરાયેલી વ્યાપક ચર્ચાઓ

ગાંધીનગર, તા.૨૮

જિલ્લામાં પાણી વેરાની વસુલાત માટે વિશેષ અભિયાન ચલાવી પાણી પુરવઠા બોર્ડની ચડત રકમનું ચુકવણુ કરવા માટે આજે તંત્રના અધિકારીઓને કડક તાકીદ કરવામાં આવી હતી.

પાણી પુરવઠા બોર્ડની વસુલાત રૂ. નવ કરોડ જેટલી બાકી હોવાથી આજે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં અધિક નિવાસી કલેકટરશ્રી એમ.બી.મોડિયાએ અધિકારીઓને આ મુદ્દે આડે હાથ લીધા હતા.

નગરપાલિકા વિસ્તારોની ચડત બહુ મોટી બાકી છે તેમજ ત્યાં વસુલાત માટે તંત્ર જે ઉદાસીન વલણ દાખવી રહ્યું છે તે સામે સખ્ત નારાજગી વ્યકત કરતાં ડૉ. મોડિયાએ જણાવ્યું હતું કે બાકીદારો સાથે સખ્ત કાર્યવાહી કરી વસુલાત અસરકારક બનાવવી જોઈએ.

મળતી વિગતો પ્રમાણે કલોલ નગરપાલિકાની રૂ. ૫ કરોડ, પેથાપુર

● અનુસંધાન પાન-૭ પર

# ડૉ.મગદાણીની વિવાદાસ્પદ બદલી

ગાંધીનગર, તા.૨૮

ચામડી રોગના નિષ્ણાંત તરીકે દર્દીઓને ઉત્તમ તબીબી સેવા પુરી પાડતા સિવિલ હોસ્પિટલના ડૉ. મેહુલ મગદાણીની અચાનક પાટણ બદલી થતા નગરજનોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. તેમની ફરજ નિષ્ઠાના લીધે દર્દીઓના ચહીતા બનેલા ડૉ. મગદાણીની બદલી માટે રાજકારણ જવાબદાર હોવાનો પણ વિવાદ ઉદભવ્યો છે. અન્ય ડોકટરના અંગત સ્વાર્થ માટે તેમની મનસ્વી બદલી કરવામાં આવી હોવાનું પણ સિવિલ કેમ્પસમાં ચર્ચાસ્થાને છે. સિવિલમાં મેડીકલ કોલેજ શરૂ થયા બાદ સિવિલ હોસ્પિટલનો વહીવટ ગુજરાત રાજય મેડીકલ રિસર્ચ એન્ડ એજયુકેશન સોસાયટીના હસ્તક થઈ ગયો છે. જે અન્વયે સિવિલ હોસ્પિટલના વર્ષો જૂના ડોકટર્સનો પણ આ સોસાયટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે આ સોસાયટીમાં ડોકટરોની બદલી માટે મંડરાતા રાજકીય સમીકરણનો ભોગ ડૉ. મેહુલ મગદાણી બન્યા હોવાનું મનાઈ રહ્યું છે.

# નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓની લોભામણી જાહેરાતોથી સાવધાન

ગાંધીનગર, તા. ૨૮

સીઆઈડી ક્રાઈમના ઈન્ચાર્જ અધિક પોલીસ મહાનિર્દેશક જે.કે. ભટ્ટે અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્યમાં રીઝર્વ બેન્કની મંજુરી વગર નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓ અનઅધિકૃત રીતે ડીપોઝીટ ઉઘરાવવા કાર્યરત થયેલ છે. જે કંપનીઓને રીઝર્વ બેન્ક દ્વારા નોન બેન્કીંગ ફાયનાન્સ તરીકે મંજુરી મળેલ હોય છે. પરંતુ આ કંપનીઓ ફાયનાન્સ કંપની તરીકે પ્રજા પાસેથી ડીપોઝીટ ઉઘરાવવાની સત્તા મળેલ છે તેવો પ્રભાવ ઉભો કરી લોકોનો વિશ્વાસ સંપાદન કરી ડીપોઝીટો ઉઘરાવી છેતરપિંડી આચરે છે.

(૧) માનસર ફાયનાન્સ લીમીટેડ (૨) મેટ્રોપોલીટન ફાયનાન્સ લીમીટેડ કંપનીઓ જમ્મુ અને કાશ્મીર રાજ્યના જમ્મુ રજીસ્ટ્રેશન થયેલ છે. જે કંપની ગુજરાત રાજ્યમાં ફાયનાન્સ કંપની તરીકે કાર્યરત થઈ એજન્ટો દ્વારા ડીપોઝીટ ઉઘરાવવા મંજુરી માંગેલ જેને રીઝર્વ બેન્ક તરફથી મંજુરી મળેલ નથી. જેથી તમામ નાગરિકોને અનુરોધ છે કે, આ કંપનીઓની જાહેરાતોમાં વિશ્વાસ કરી કોઈપણ પ્રકારની ડીપોઝીટ અને નાણાં જમા ન કરવા કે કોઈપણ લોભામણી જાહેરાતોને સાચી ન માનવા વિનંતી છે. આ કંપની ગુજરાત બહાર રજીસ્ટર થયેલ છે. જે ગુજરાત રાજ્યમાં ડીપોઝીટ ઉઘરાવવા માટે પ્રસ્થાપિત નથી. જેની નોંધ લેવા તમામ પ્રજાજનોને અપીલ છે.



ઉધઈ - ગાંધીનગરની ધરતીમાં ઉગતું કલંક, ખાસ કરીને નવા સેક્ટરોમાં ઉધઈનો ત્રાસ ભારે છે... ગમે તેવા મોંઘાદાટ ફર્નિચર, બારી-બારણાને ઉધઈ છ-આઠ મહિનામાં ખતમ કરી નાખે છે... આ તસવીરમાં ઉધઈના વિકરાળ સ્વરૂપને જોવા મળે છે... કેવી ભયાનક દેખાય છે... કેવી મોં-ફાડીને ઉભી છે... કેવું અને કેટલું નુકસાન કરી શકે છે એની કલ્પનાથી સૌ થરથર થાય છે... સેક્ટર-૨૮ના સરકારી મકાનોમાં ફાલી ફૂટીને મોટી થયેલી ઉધઈની લાક્ષણિક તસવીર ડરામણી લાગે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# વિટકોસનો સવાર સાંજ ચિલોડા-ઘ-રોડ રૂટ શરૂ કરવા નોકરીયાતોની માંગ

## ઘ-રોડ બાજુના તમામ સેકટરમાંથી અનેક નોકરીયાતો દૈનિક ચિલોડા તરફ જાય છે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરની વિટકોસ શહેરી બસ સેવા નગરજનો અને ગ્રામ્ય લોકો માટે મુસાફરીનો શ્રેષ્ઠ પર્યાય બની છે. પરંતુ ઘ-રોડથી ચિલોડા તરફ જવા એક પણ બસ ન હોવાથી નગરજનોમાં અણગમો પેદા થયો છે. ઘ-ગ અને ચ રોડ ઉપરના તમામ સેકટરમાંથી દૈનિક અનેક મુસાફરો અને નોકરીયાતો ચિલોડા તરફ હાલ ખાનગી વાહનોના સહારે જઈ રહ્યા છે જેથી નોકરીયાતોના સવાર-સાંજના નોકરી જવા આવવાના સમયનો વિટકોસ રૂટ શરૂ કરે તેવી પ્રચંડ માંગ ઉભી થઈ છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક વર્ષોથી વિટકોસ શહેરી બસ શરુ થઈ છે જેનાથી મુસાફરોને ઘણી રાહત થવા પામી છે. પરંતુ જરુરીયાત મુજબના રૂટ શરૂ ન કરાતાં કેટલાક વિસ્તારના નગરજનોમાં નારાજગી પેદા થઈ છે. જેમાં ઘ રોડ ઉપર આવેલ ૧૬, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ જેવા સેકટરોના અનેક નોકરીયાતો હાલ ચિલોડા થઈ જુદા જુદા સ્થળોએ સવારે નોકરીએ જાય છે અને સાંજે પરત ફરે છે આ નોકરીયાતોને ખાનગી વાહનોનો સહારો લેવો પડે જેમાં કેટલીક વખત સમય નીકળી જતાં નોકરી ઉપર પહોંચી પણ શકાતું નથી.

જેથી સવારે વિટકોસ ડેપોમાંથી ૮.૪૫ વાગે વાગે ઘ રોડ બસ શરુ કરાય અને સાંજે ચિલોડાથી ૬.૩૦ વાગે વાયા ઘ રોડ બસ આવે તેવો રૂટ મુકાય તેવી આ નોકરીયાતોની માંગ છે. થોડા સમય પહેલા ચાલતી ઘ રોડ બસ મુસાફરો ન હોવાના કારણે રજુ કરી બંધ કરી દેવાઈ છે. પરંતુ સવાર-સાંજ ફકત બે જ ટાઈમ બસ શરુ કરી નોકરીયાતોને પોતાની ફરજ ઉપર જવા અનુકૂળતા પડે તેવી વ્યવસ્થા હાથ ધરવા સંચાલકોએ માંગ કરી છે અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ વિટકોસને ત્રણ માસનું એક્ષટેન્શન પ્રાપ્ત થયું છે તે દરમિયાન નગરજનોના હિતમાં સંચાલકો નિર્ણય લઈ શ્રેષ્ઠ મુસાફરી પુરી પાડે તે ઈચ્છનીય બન્યું છે. હાલ આ નોકરીયાતો પોતાના ટુ વ્હીલર કે રીક્ષામાં બેસી મુસાફરી કરી રહ્યા છે જેમાં ચિક્કાર રીક્ષાઓમાં જીવના જોખમે ના છુટકે મુસાફરી કરવી અનિવાર્ય બની છે ત્યારે વાયા ઘ રોડ ચિલોડા બે ટાઈમની બસ શરુ કરવા આગ્રહ ભરી માંગ ઉઠી છે.

## મુખ્યમંત્રીશ્રીની ગણેશ ચતુર્થી પર્વની પ્રજાજનોને શુભકામનાઓ

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતના સૌ નાગરિક ભાઈ-બહેનોને ગણેશ ચતુર્થી પર્વની શુભકામનાઓ પાઠવી છે.

વિઘ્નહર્તા ભગવાનશ્રી ગણેશજીનું આ પર્વ, હરેક -કારના વિઘ્નો-સંકટો નિવારીને, ગુજરાતને સુખી-સમૃધ્ધ અને શકિતશાળી બનાવશે એવી શુભેચ્છા મુખ્યમંત્રીશ્રીએ આ પાવન પર્વ -સંગે વ્યકત કરી છે.

# રાજ્યમાં પહેલીથી જ્ઞાન સપ્તાહ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં આગામી પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિનની ઉજવણી માટે ૩૦મી ઓગસ્ટથી પાંચ દિવસ શિક્ષક દિન જ્ઞાન સપ્તાહ તરીકે ઉજવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો ચે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ૩૦મી ઓગસ્ટથી ઉજવવામાં આવનારા જ્ઞાન સપ્તાહ દરમ્યાન સાત દિવસ રોજ જુદા જુદા કાર્યક્રમો યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જ્ઞાન સપ્તાહ ઉજવણી કાર્યક્રમ અંતર્ગત ૩૦ અને ૩૧ ઓગસ્ટના રોજ જિલ્લા વિકાસ અધિકારીઓના સંકલનમાં ગામે ગામની સંપૂર્ણ સફાઈ સ્વચ્છ ગામ અભિયાન ઉપાડવાનું છે. જેમાં ગ્રામજનો શાળાના શિક્ષકો અને બધાજ સ્થાનિક સરકારી અધિકારીઓને જોડવામાં આવે તેવું આયોજન કરવા જિલ્લાતંત્રને સૂચના આપવામાં આવી છે.

જ્યારે ૧લી સપ્ટેમ્બરના રોજ વિવેકાનંદ યુવક મંડળને સાથે રાખી પ્રાથમિક શાળાના સુશોભન કાર્યક્રમ વર્ગ સુશોભન હરીફાઈ વિજ્ઞાન પ્રયોગ બોર્ડમાં આકૃતિ બનાવવી કાગળ દ્વારા મોરપંખડીની આકૃતિ બનાવવાની માટીકામ ગુજરાતી અંગ્રેજી સુલેખન સહીતની હરીફાઈ રાખવામાં આવનાર છે. આ ઉપરાંત પાંચમી સપ્ટેમ્બરના રોજ જ્ઞાન સપ્તાહનો કાર્યક્રમ અંતર્ગત સરપંચની હાજરીમાં ઈનામ વિતરણ કાર્યક્રમ કરવો અને તાલુકા દીઠ શ્રેષ્ઠ ૧૦ શાળાઓને પ્રમાણપત્ર અને ઈનામોનું વિતરણ કરવામાં આવશે.

૪થી સપ્ટેમ્બરના રોજ શાળાઓમાં વૃક્ષારોપણ, વેશભૂષા, દેશભક્તિના સામુહીક ગીત એક

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રીના જૈન-જૈનેતર નાગરિકોને 'મિચ્છામી દુક્કડમ'

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જૈન અને જૈનેતર નાગરિક ભાઈ-બહેનોને સંવત્સરી પર્વ -સંગે'મિચ્છામી દુકકડમ' પાઠવ્યા છે. ક્ષમા, કરૂણા અને જીવદયાના ભગવાન મહાવીરના સિધ્ધાંતોને આત્મસાત કરનારૂં પર્યૂષણ પર્વ, સામાજીક સમરસતા અને માનવતાની શકિતઓને વધુ -ગાઢ બનાવશે તેમ તેમણે મિચ્છામી દુકકડમ પાઠવતા ઉમેર્યુ છે.

## બેસણું



અમારા પિતાશ્રી **સ્વ. મહેન્દ્રભાઈ તુલજારામ જોષી** (એમ.ટી. જોષી IAS) (નિવૃત્ત ડી.ડી.ઓ., ગાંધીનગર) તા. ૨૩/૮/૨૦૧૪ને શનિવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું તા. ૩૧/૮/૨૦૧૪ને રવિવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૩૦૦/૨, સેક્ટર-૭એ, 'ચ-૨' સર્કલ પાસે, ગાંધીનગર. મો. : ૯૯૨૫૪ ૭૦૮૨૫

લિ.

| | |
|---|---|
| વિપુલભાઈ એમ. જોષી (પુત્ર) | ગં.સ્વ. પુષ્પાબેન મહેન્દ્રભાઈ જોષી (પત્ની) |
| હર્ષા વિપુલભાઈ જોષી (પુત્રવધુ) | ધવલ એમ. જોષી (પુત્ર) |
| વિવેક વિપુલભાઈ જોષી (પૌત્ર) | સમસ્ત જોષી પરિવાર |

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com